


ગુરુવાર તા. ૭ નવેમ્બર ૨૦૧૩ * •પાનાં: ૧૬+૮+૮ •કિંમત: ₹૩.૦૦

REG. NO. SRT 751 R.N.I.Reg. No. : GUJGUJ/2012/44686

# ગુજરાત ગાર્ડિયન

• તંત્રી : જીવન બરવાળિયા • મેનેજિંગ તંત્રી : મનોજ મિસ્ત્રી • સંવત ૨૦૭૦ • કારતક સુદ - ૪ • વર્ષ : ૦૨ • અંક : ૧૧૧ www.gujaratguardian.in E-mail : editor@gujaratguardian.in

•ગાર્ડિયન હાઉસ, સુમનદેસાઈનીવાડી, ઉધનાદરવાજા, રિંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ •ફોન: ૪૦૧૦૨૦૩, ૨૬૩૬૬૧૧/૧૨/૧૩. •ફેક્સ: (તંત્રીવિભાગ) ૨૬૩૬૬૧૦/ (જા.ખ. વિભાગ) ૨૬૩૬૬૧૫





# અમિતાભના ચાહકોની ૭૦ લાખનો રેકોર્ડ



■ મંગળવારે સાંજે મુંબઈમાં એક ગઝલ આલ્બમ ડેસ્ટિનીના લોન્ચિંગ પ્રસંગે બોલીવૂડના અભિનેતા અમિતાભ બચ્ચન સંગીતના સમ્રાટો તલત અઝીઝ, અનુપ જલોટા, પંકજ ઉધાસ અને સુમીત તામ્બે સાથે ઉપસ્થિત રહ્યા હતા.

(પીટીઆઈ) મુંબઈ, તા. ૬

ટ્વીટર પર અમિતાભના સિત્તેર લાખ જેટલા ફોલોઅર્સ છે. મેગાસ્ટાર અમિતાભ બચ્ચન, જેમણે તેમના

## 'બિગ બી'એ બધાનો આભાર માન્યો: ગઝલનું આલ્બમ રજૂ કરતાં બચ્ચને પોતે બહુ સારા ગાયક નહીં હોવાનું પણ કહ્યું

અજોડ બેરિટોન અવાજમાં બોલીવૂડનાં ઘણાં સફળ ગીતો ગાયાં છે, પરંતુ તેઓ પોતાની જાતને સામાન્ય ગાયક સમજે છે. "હું ખૂબ સરસ ગાઈ શકતો નથી, કારણ કે હું ગાવાનું શીખ્યો જ નથી. જ્યારે મને કેટલાક લોકો ગાવાનું કહે ત્યારે હું ગીત ગાઉં છું. મોડર્ન ટેક્નોલોજીને કારણે આજે કોઈ પણ ગાઈ શકે છે. અને તેની મદદથી જ હું ગાયનો ગાઉં છું," તેવું અમિતાભ બચ્ચને કહ્યું હતું. અમિતાભે પોતાની કેટલીક ફિલ્મમાં 'રંગ બરસે', 'મેરે અંગને મેં' અને 'નીલા આસમાન' જેવાં અનેક યાદગાર ગીતો પણ ગાયાં છે. ૭૧ વર્ષના આ અભિનેતાએ મંગળવારે રાતે સારેગામા ઈન્ડિયા લિમિટેડનું

• અનુસંધાન પાના ૧૫ પર